| નાણાં સમિતિની મિટિંગ | | તા. ૧૫/૦૬/૨૦૨૨ |
|---|---|---|

બેઠક ક્રમાંક : ૦૧/૨૦૨૨-૨૩

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

# ગાંધીનગર

Children's University

Every Child matters

तेजस्वी बालक : तेजस्वी भारत

# નાણાં સમિતિની મિટિંગ (ઓનલાઇન)

## તા.૧૫.૦૬.૨૦૨૨, સમય : ૧૨:૩૦ (બપોરે)

## -કાર્યવાહી નોંધ-

(મિનિટ્સ)

| નાણાં સમિતિની મિટિંગ | તા. ૧૫/૦૬/૨૦૨૨ |
|---|---|

**નાણાં સમિતિની તા.૧૫/૦૬/૨૦૨૨ બેઠકની કાર્યવાહી નોંધ (મિનિટ્સ) નીચે મુજબ છે.**

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની નાણાં સમિતિની વર્ષ:૨૦૨૨-૨૩ની બેઠક મા. કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને ઓનલાઇન તા.૧૫/૦૬/૨૦૨૨ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે ઓનલાઇન મળી હતી. જેમાં નીચે મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

| | | | |
|---|---|---|---|
| ૧. | મા. કુલપતિશ્રી હર્ષદ પ્ર. શાહ | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | મા. ડાયરેક્ટર જનરલશ્રી હર્ષદ પ્ર. શાહ | સભ્યશ્રી | હાજર |
| ૩. | મા. શ્રી અશોક અગ્રવાલ | સભ્યશ્રી | હાજર |
| ૪. | મા. ડૉ. સંજયભાઇ પટેલ (ડુંગરાણી) | સભ્યશ્રી | હાજર |
| ૫. | શ્રી સીતારામભાઈ ઝેડ. ચૌધરી (નાણાં અને હિસાબી અધિકારીશ્રી) | સભ્યશ્રી | હાજર |
| ૬. | મા. ડૉ. અશોક એન. પ્રજાપતિ (રજિસ્ટ્રારશ્રી I/c) | સભ્યશ્રી | હાજર |

બેઠકના પ્રારંભમાં કુલસચિવ દ્વારા સૌનું સ્વાગત કરી બેઠકની કાર્યવાહી આરંભવામાં આવી.

સૌ પ્રથમ રાજ્ય સરકારમાંથી પ્રતિનિયુક્તિ પર અત્રેની યુનિવર્સિટીમાં નિયુક્ત થયેલ નાણાં અને હિસાબી અધિકારી શ્રી સીતારામભાઈ ઝેડ. ચૌધરીનું સ્વાગત કરવામાં આવ્યું.

બાબત ક્રમાંક – ૧ : તા.૦૮.૦૩.૨૦૨૨ના રોજ મળેલ નાણાં સમિતિની બેઠકની મિનિટ્સ મંજૂર કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક – ૧ : તા.૦૮.૦૩.૨૦૨૨ના રોજ મળેલ નાણાં સમિતિની બેઠકની મિનિટ્સ તા.૧૬.૦૩.૨૦૨૨ની એકઝીક્યુટીવ કાઉન્સિલમાં મંજૂર થયેલી છે. જે બાબત સૌ મહાનુભાવો દ્વારા ધ્યાને લઈ મંજૂર કરવામાં આવે છે. (બિડાણ-૧)**

| નાણાં સમિતિની મિટિંગ | તા. ૧૫/૦૬/૨૦૨૨ |
|---|---|

બાબત ક્રમાંક – ૨ : તા.૧૧.૦૩.૨૦૨૨ના રોજ મળેલ સરકયુલર નાણાં સમિતિની બેઠકની મિનિટ્સ મંજૂર કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક – ૨ : તા.૧૧.૦૩.૨૦૨૨ના રોજ મળેલ સરકયુલર નાણાં સમિતિની બેઠકની મિનિટ્સ તા.૧૬.૦૩.૨૦૨૨ની એકઝીકયુટીવ કાઉન્સિલમાં મંજૂર થયેલી છે. (બિડાણ–૨)**

બાબત ક્રમાંક – ૩ : નાણાંકીય વર્ષ : ૨૦૨૧–૨૨ ના વાર્ષિક હિસાબો ધ્યાને લઈ મંજૂર કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક – ૩ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના નાણાંકીય વર્ષ : ૨૦૨૧–૨૨ ના વાર્ષિક હિસાબો તૈયાર કરવા માટે ઈન્ટર્નલ ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી સૌરભ ઠક્કરને કામગીરી સોંપવામાં આવી હતી. જે તૈયાર થઈ ને આવેલ છે. નાણાંકીય વર્ષ : ૨૦૨૧–૨૨ ના વાર્ષિક હિસાબો ધ્યાને લઈ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.**

બાબત ક્રમાંક – ૪ : નાણાંકીય વર્ષ : ૨૦૨૨–૨૩ ના વાર્ષિક હિસાબો તૈયાર કરવા અને ઈન્ટર્નલ ઓડિટરની નિમણૂક કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક – ૪ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના નાણાંકીય વર્ષ : ૨૦૨૨–૨૩ ના વાર્ષિક હિસાબો તૈયાર કરવા અને ઈન્ટર્નલ ઓડિટરની નિમણૂક કરવા બાબતે ભાવો મંગાવી L–1 પાર્ટીને કામગીરી સોંપવી તેવો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવે છે.**

| નાણાં સમિતિની મિટિંગ | તા. ૧૫/૦૬/૨૦૨૨ |
|---|---|

બાબત ક્રમાંક – ૫ : વર્ષ : ૨૦૨૨–૨૩માં યુનિવર્સિટીની પગાર ભથ્થાની ગ્રાન્ટ કુલ રૂ.૬,૦૦,૦૦,૦૦૦/– (છ કરોડ)મંજૂર થયેલી છે. જે પૈકી પ્રથમ હપ્તાની રકમ રૂ.૧,૫૦,૦૦,૦૦૦/–(દોઢ કરોડ) પ્રાપ્ત થયેલી છે. જે ધ્યાને લેવા બાબત.

**ઠરાવ ક્રમાંક – ૫ : વર્ષ : ૨૦૨૨–૨૩માં યુનિવર્સિટીની પગાર ભથ્થાની ગ્રાન્ટ કુલ રૂ.૬,૦૦,૦૦,૦૦૦/–(છ કરોડ) મંજૂર કરવામાં આવેલી છે. જે પૈકી પ્રથમ હપ્તાની રકમ રૂ.૧,૫૦,૦૦,૦૦૦/–(દોઢ કરોડ) પ્રાપ્ત થયેલી છે. જે બાબત સૌ મહાનુભાવો દ્વારા ધ્યાને લેવામાં આવી.**

બાબત ક્રમાંક – ૬ : વર્ષ : ૨૦૨૨–૨૩માં શાહપુર ખાતે મળેલ જમીન અંતર્ગત બાંધકામ માટે રૂ.૫,૦૦,૦૦,૦૦૦/–(પાંચ કરોડ) ગ્રાન્ટ પ્રાપ્ત થયેલી છે. જે ધ્યાને લેવા બાબત.

**ઠરાવ ક્રમાંક – ૬ : નાણાંકીય વર્ષ : ૨૦૨૨–૨૩માં શાહપુર ખાતે મળેલ જમીન અંતર્ગત બાંધકામ માટે રૂ.૫,૦૦,૦૦,૦૦૦/–(પાંચ કરોડ) ગ્રાન્ટ પ્રાપ્ત થયેલી છે. જે બાબતે કુલસચિવ દ્વારા સૌ મહાનુભાવોને અવગત કરી જમીન પ્રકરણ અંગે ચર્ચા કરવામાં આવી અને સૌ મહાનુભાવો દ્વારા કરેલ કામગીરીને બહાલી આપવામાં આવી. શાહપુર ખાતેની જમીન અંતર્ગત કુલ રૂ.૨૦,૦૦,૦૦,૦૦૦/– (વીસ કરોડ)ની ગ્રાન્ટ પ્રાપ્ત થયેલી છે.**

બાબત ક્રમાંક – ૭ : વર્ષ : ૨૦૨૨–૨૩માં તપોવન કેન્દ્રો માટેની પૌષ્ટિક ખોરાકની મંજૂર થયેલી ગ્રાન્ટ રૂ.૭૨,૦૦,૦૦૦/– જમા થયેલી છે. જે ધ્યાને લેવા બાબત.

**ઠરાવ ક્રમાંક – ૭ : નાણાંકીય વર્ષ : ૨૦૨૨–૨૩માં તપોવન કેન્દ્રો માટેની પૌષ્ટિક ખોરાકની મંજૂર થયેલી ગ્રાન્ટ રૂ.૭૨,૦૦,૦૦૦/– જમા થયેલી છે. જે બાબતને સૌ મહાનુભાવઓએ ધ્યાને લીધી.**

બાબત ક્રમાંક – ૮ : વર્ષ : ૨૦૨૨-૨૩માં નવી કુલ ૪ (ચાર) બાબતો માટે રૂ.૨,૦૦,૦૦,૦૦૦/– (બે કરોડ)ની વહીવટી મંજૂરી મળેલી છે. જે ધ્યાને લેવા બાબત.

**ઠરાવ ક્રમાંક – ૮ : વર્ષ : ૨૦૨૨-૨૩માં નવી બાબતોમાં કુલ ૪ (ચાર) બાબતો માટે રૂ.૨,૦૦,૦૦,૦૦૦/– (બે કરોડ)ની વહીવટી મંજૂરી મળેલી છે. જેની વિગત નીચે મુજબ છે.**

| | |
|---|---|
| **1. IT Equipment** | **– Rs.50,00,000/–** |
| **2. Toy house** | **– Rs.50,00,000/–** |
| **3. Book Publication** | **– Rs. 50,00,000/–** |
| **4. Computer Lab** | **– Rs. 50,00,000/–** |

**ઉપરોક્ત વિગતોએ મળેલ વહીવટી મંજૂરીને સર્વાનુમતે ધ્યાને હાલી આપવામાં આવી.**

બાબત ક્રમાંક – ૯ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ડાયરેક્ટર જનરલશ્રીને જુલાઈ ૨૦૧૯ થી મે ૨૦૨૨ સુધી સાતમા પગારપાંચ લેખે પગાર ચૂકવવાની મંજૂરી મળતાં રૂ.૨૧,૨૪,૫૪૬/–ની રકમનો ખર્ચ કરેલ છે. જે પૈકી રૂ. ૧૪,૬૧,૬૮૭/– ડાયરેક્ટર જનરલશ્રીને તથા કુલ કપાત રૂ.૬,૬૨,૮૫૮/– કરેલ છે. જે ધ્યાને લેવા બાબત.

**ઠરાવ ક્રમાંક – ૯ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ડાયરેક્ટર જનરલશ્રીને જુલાઈ ૨૦૧૯ થી મે ૨૦૨૨ સુધી સાતમા પગારપાંચ લેખે પગાર ચૂકવવા માટે શિક્ષણ વિભાગના તા.૦૨/૦૬/૨૦૨૨ના ઠરાવથી મંજૂરી મળતાં રૂ.૨૧,૨૪,૫૪૬/–ની રકમ ચૂકવવાની હતી. જે પૈકી રૂ. ૧૪,૬૧,૬૮૭/– ડાયરેક્ટર જનરલશ્રીને તથા કુલ કપાત રૂ.૬,૬૨,૮૫૮/– કરી ચૂકવી આપવામાં આવેલ છે. જે કરેલ કામગીરીને સૌ મહાનુભાવો દ્વારા બહાલી આપવામાં આવી.**

**નાણાં સમિતિની મિટિંગ** | તા. ૧૫/૦૬/૨૦૨૨

બાબત ક્રમાંક – ૧૦ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને BPCL સાથે થયેલ MOU અંતર્ગત બીજા હપ્તાની રૂ.૧,૧૮,૦૦,૦૦૦/– (એક કરોડ અઢાર લાખ) પ્રાપ્ત થયેલા છે. જે ધ્યાને લેવા બાબત.

**ઠરાવ ક્રમાંક – ૧૦ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને BPCL સાથે થયેલ MOU અંતર્ગત પ્રથમ હપ્તાની રકમ અંગેનું યુટીલાઈઝેસન સર્ટિફિકેટ યુનિવર્સિટી દ્વારા BPCL ને મોકલી આપવામાં આવેલું છે. જે MOU અંતર્ગત બીજા હપ્તા અંગે યુનિવર્સિટીએ BPCL ને જાણ કરતાં અંગેનું બીજા હપ્તાની રકમ પેટે BPCL દ્વારા રૂ.૧,૧૮,૦૦,૦૦૦/– (એક કરોડ અઢાર લાખ) યુનિવર્સિટીને મોકલી આપેલ જે પ્રાપ્ત થયા અંગેની સૌ મહાનુભાવ દ્વારા કરેલ કામગીરીને બિરદાવીને બહાલી આપવામાં આવી.**

બાબત ક્રમાંક – ૧૧ : જુલાઈ – ૨૦૨૧ થી નવેમ્બર –૨૦૨૧ ના ડી. એ. એરિયસની રકમ કર્મચારીઓને ચૂકવી આપેલ છે. જે ધ્યાને લેવા બાબત.

**ઠરાવ ક્રમાંક – ૧૧ : જુલાઈ – ૨૦૨૧ થી નવેમ્બર –૨૦૨૧ ના ડી. એ. એરિયસની રકમ રાજ્ય સરકારના નાણાં વિભાગના તા.02.05.2022 ના ઠરાવ મુજબ પ્રથમ હપ્તાની રકમ (જુલાઈ – ૨૦૨૧ થી નવેમ્બર–૨૦૨૧) સાતમા પગાર પંચ મુજબ 31% D.A. તથા છઠા પગાર પંચ મુજબ 196% D.A. કર્મચારીઓને ચૂકવી આપેલ છે. તથા બીજા હપ્તાની રકમ (ડીસેમ્બર – ૨૦૨૧ થી એપ્રિલ–૨૦૨૨) જુન–૨૦૨૨ ના પગારની સાથે ચૂકકવામાં આવશે. જે બાબત સૌ મહાનુભાવ દ્વારા મજૂર કરી બહાલી આપવામાં આવી.**

બાબત ક્રમાંક – ૧૨ : નવી ઈઆરપી સિસ્ટમ માટે N–CODE SOLUTION ને રૂ.૧૬,૦૨,૨૫૦/– ચુકવ્યા અંગેની જાણ કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક – ૧૨ : નવી ઈઆરપી સિસ્ટમ માટે N–CODE SOLUTION – Division of GNFC Limited ને રૂ.૧૬,૦૨,૨૫૦/–ચુકવ્યા અંગેની બાબતને સૌ મહાનુભાવ દ્વારા કરેલ કામગીરીને બહાલી આપવામાં આવી.**

બાબત ક્રમાંક – ૧૩ : યુનિવર્સિટીની વેબસાઇટ મેન્ટેનસ માટે inflibnet ને રૂ.૧૧,૦૦,૦૦૦/– ચૂકવવામાં આવેલા છે. જે ધ્યાને લેવા બાબત.

**ઠરાવ ક્રમાંક – ૧૩ : યુનિવર્સિટીની વેબસાઇટ મેન્ટેનસ માટે** inflibnet **ને રૂ.૧૧,૦૦,૦૦૦/– ચુકવ્યા અંગેની બાબતને સૌ મહાનુભાવ દ્વારા કરેલ કામગીરીને બહાલી આપવામાં આવી.**

બાબત ક્રમાંક – ૧૪ : યુનિવર્સિટીની ફિલ્મ, તપોવન ગીત (હિન્દી તથા ગુજરાતી) ભાષામા કરવાની કામગીરી ભાર્ગવ પારેખ નામની એજન્સીને સોંપવામાં આવેલી છે. જે ધ્યાને લેવા બાબત.

**ઠરાવ ક્રમાંક – ૧૪ : યુનિવર્સિટીની ફિલ્મ, તપોવન ગીત (હિન્દી તથા ગુજરાતી) ભાષામાં કરવાની કામગીરી ભાર્ગવ પારેખ નામની એજન્સીને સોંપવામાં આવેલી છે. જે માટે કુલ રૂ. ૯,૫૦,૮૮૦/- ચૂકવેલ છે. જે બાબતે સૌ મહાનુભવ દ્વારા ચર્ચા–વિચારણાને અંતે કરેલ કામગીરીને બહાલી આપવામાં આવી.**

**બાબત ક્રમાંક – ૧૫ : અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે.**

બાબત ક્રમાંક – ૧૫.૦૧ : યુનિવર્સિટી પરિસરમાં કેન્ટીન બનાવવાની બાબત.

**ઠરાવ ક્રમાંક – ૧૫.૦૧ : યુનિવર્સિટી પરિસરમાં કેન્ટીન બનાવવાની બાબત રજુ થતાં સૌ મહાનુભાવો દ્વારા ચર્ચા કરવામાં આવી અને કેન્ટીન બનાવવાની બાબતે થનાર ખર્ચ કરવાની બહાલી આપવામાં આવી અને આ બાબતે ખર્ચ કરવાની તમામ સત્તા મા.કુલપતીશ્રીને આપવામાં આવી.**

| નાણાં સમિતિની મિટિંગ | તા. ૧૫/૦૬/૨૦૨૨ |
|---|---|

બાબત ક્રમાંક – ૧૫.૦૨ : રાજ્ય સરકારમાંથી પ્રતિનિયુક્તિના ધોરણે હાજર થયેલ નાણાં અને હિસાબી અધિકારીશ્રીને આવકારવાની બાબત.

**ઠરાવ ક્રમાંક – ૧૫.૦૨ : રાજ્ય સરકારમાંથી પ્રતિનિયુક્તિના ધોરણે નાણાં વિભાગના તા.૨૭.૦૫.૨૦૨૨ની અધિસૂચના મુજબ તા.૦૪.૦૬.૨૦૨૨ ના રોજ અત્રેની યુનિવર્સિટીમાં હાજર થયેલ નાણાં અને હિસાબી અધિકારી શ્રી સીતારામભાઈ ઝેડ. ચૌધરીનું સર્વે મહાનુભાવ દ્વારા સ્વાગત કરી સમિતિમાં આવકારવામાં આવ્યા.**

બાબત ક્રમાંક – ૧૫.૦૩ : યુનિવર્સિટી પરિસરમાં પાર્કિંગની જરૂરિયાત જણાતાં ૨(બે) પાર્કિંગ બનાવવામાં આવ્યા તેની બાબત.

**ઠરાવ ક્રમાંક – ૧૫.૦૩ : યુનિવર્સિટી પરિસરમાં પાર્કિંગની જરૂરિયાત જણાતાં ૨(બે) પાર્કિંગ બનાવવામાં આવ્યા જે પૈકી ૧ પાર્કિંગ યુનિવર્સિટી સ્ટાફ/વિદ્યાર્થીઓ/ મુલાકાતીઓ માટે અને અન્ય ૧ પાર્કિંગ ટોય વાન માટે બનાવવામાં આવ્યા છે. જે બાબતથી સર્વે મહાનુભાવને અવગત કરવામાં આવ્યા સૌ મહાનુભાવો દ્વારા પાર્કિંગની બાબત ધ્યાને લેવામાં આવી અને આ કામગીરી અંતર્ગત કરેલા તમામ ખર્ચને બહાલી આપવામાં આવી.**

બાબત ક્રમાંક – ૧૫.૦૩ : ટોય વાનની બાબત.

**ઠરાવ ક્રમાંક – ૧૫.૦૪ :** યુનિવર્સિટી પરિસરમાં ટોય વાન માટે BPCL સાથે થયેલ MOU અંતર્ગત અન્ય ૩ વાન ખરીદ કરવામાં આવેલી છે. હાલમાં કુલ ૪ વાન યુનિવર્સિટી પરિસરમાં છે. કરેલી કામગીરીથી સૌ મહાનુભાવોને અવગત કરવામાં આવ્યા અને સૌ મહાનુભાવ દ્વારા કરેલી કામગીરીને બહાલી આપવામાં આવી.

**નાણાં સમિતિની મિટિંગ**

તા. ૧૫/૦૬/૨૦૨૨

બાબત ક્રમાંક – ૧૫.૦૪ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ફી અંગેની બાબત.

**ઠરાવ ક્રમાંક – ૧૫.૦૫ :** ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ફી અંગે નીચે મુજબ બાબતો રજૂ કરેલ હતી.

– વિદ્યાનિકેતન વિભાગ અંતર્ગત ચાલતા શિશુનિકેતન(1,2,3) માં અભ્યાસ અર્થે આવતા બાળકોની શૈક્ષણિક ફી અંગે ફી કમીટી દ્વારા નીચે મુજબ ફી સુચિત કરેલી હતી જેની સૌ મહાનુભાવ દ્વારા બહાલી આપવામાં આવે છે.

| Sr.No. | Particular | 1st Sem Fees | 2nd Sem Fees | Annual Fees |
|---|---|---|---|---|
| 1 | Form Fee | 200 | 00 | 200 |
| 2 | Admission Fee | 250 | 00 | 250 |
| 3 | Tuition Fee | 6,500 | 6,500 | 13,000 |
| 4 | I Card Fee | 50 | 00 | 50 |
| 5 | Activities Fee | 500 | 500 | 1,000 |
| | Total Fees Rs. | **7,500** | **7,000** | **14,500** |

– ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ફી કમીટી દ્વારા તમામ સ્ટડી સેન્ટર માટે Post Graduate, P.G.Diploma તથા Certificate કોર્ષની ફોર્મ ફી કોમન રૂ.૨૫૦/– કરવામાં આવી હતી તથા નીચે મુજબની ફી નિર્ધારિત કરવામાં આવેલ હતી. જેને સૌ મહાનુભાઓ દ્વારા બહાલી આપવામાં આવે છે.

| **PG Diploma Course** | | | | | | |
|---|---|---|---|---|---|---|
| Sr. no. | Course Name | Duration in semester | Children University Campus Fees Per Semester | | Children University Study Center Fees Per Semester | |
| | | | Male | Female | Male | Female |
| 1 | P.G. Diploma in Child and Family Counselling (PGDCFC) | 2 | 2000/– | 1,650/– | 4000/– | 3300/– |
| 2 | P.G. Diploma in School Counselling | 2 | 2000/– | 1,650/– | 4000/– | 3300/– |
| 3 | P.G. Diploma Prenatal Care & Education | 2 | 2000/– | 1,650/– | 4000/– | 3300/– |
| 4 | P.G. Diploma Bhavya Divya Bharat | 2 | 2000/– | 1,650/– | 4000/– | 3300/– |

| નાણાં સમિતિની મિટિંગ | તા. ૧૫/૦૬/૨૦૨૨ |
|---|---|

| Certificate Course in Vadhya (Department of Vidyaniketan) | | | | |
|---|---|---|---|---|
| Sr. no. | Certificate Program | Duration | Male | Female |
| 1 | Certificate Course in Vadya | 6 Month | 1500/- | 1150/- |
| 2 | Certificate Course in NGO Management | 6 Month | 1500/- | 1150/- |

બાબત ક્રમાંક – ૧૫.૦૬ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સ્ટડી સેન્ટરોના જોડાણની આવકની બાબત.

**ઠરાવ ક્રમાંક – ૧૫.૦૬ :** ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં હાલની સ્થિતીએ સ્ટડી સેન્ટરોના જોડાણની આવક રૂ.૭,૦૫,૦૦૦/–યુનિવર્સિટીને પ્રાપ્ત થયેલ છે. જે બાબતથી સૌ મહાનુભાવોને અવગત કરવામાં આવ્યા અને સૌ મહાનુભાવો દ્વારા આ બાબતને બિરદાવવામાં આવી.

બાબત ક્રમાંક – ૧૫.૦૭ : શિશુનિકેતનમાં કરાર આધારિત ૩(ત્રણ) શિક્ષકોની બાબત.

**ઠરાવ ક્રમાંક – ૧૫.૦૭ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં વિદ્યાનિકેતન વિભાગ અંતર્ગત ચાલતા શિશુનિકેતન(1,2,3) માં ૧૧ માસના કરાર આધારિત ૩(ત્રણ) શિક્ષકો ભરવા તા.૧૬.૦૩.૨૦૨૨ ના રોજ મળેલી એકઝીક્યુટીવ કાઉન્સિલમાં મંજૂર થયેલી છે. ની પ્રતી માસ રૂ.૧૫,૦૦૦/– માસિક વેતનથી નિમણુંક આપવામાં આવેલી છે. જેનો ખર્ચ યુનિવર્સિટીના સ્વ–ભંડોળમાંથી કરવામાં આવશે. જે બાબત સૌ મહાનુભાવ સમક્ષ રજુ કરવામાં આવી અને સર્વાનુમતે કરેલ કામગીરીને ધ્યાને લઈ બહાલી આપવામાં આવી.**

અંતમાં કુલસચિવ દ્વારા બેઠકમાં ઉપસ્થિત સૌનો આભાર માની બેઠકની કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાં આવી.

**તારીખ : ૧૫/૦૬/૨૦૨૨**
**સ્થળ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,**
**સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેકટર–૨૦,ગાંધીનગર**

**કુલસચિવ (I/C)**